કેજરીવાલની મુખ્યમંત્રી પદે તાજપોશી

કેજરીવાલે દિલ્હીના ૮માં મુખ્યમંત્રી તરીકે શપથ લીધા : કેજરીવાલની સાથે અન્ય છ પ્રધાનોએ પણ શપથ લીધા : વર્લ્ડકપમાં ભારતની મેચ પૂર્વે ભારતીય ટીમને શુભેચ્છા આપી : મનિષ સિસોદિયા નાયબ મુખ્યમંત્રી

નવી દિલ્હી,તા. ૧૪

દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ઈતિહાસ રચીને આમ આદમી પાર્ટીએ પ્રચંડ જીત મેળવ્યા બાદ એએપીના નેતા અરવિન્દ કેજરીવાલ આવતીકાલે આજે ઐતિહાસિક રામલીલા મેદાન ખાતે

લાખો લોકોની હાજરીમાં દિલ્હીના મુખ્યપ્રદાન તરીકે શપથ લીધા હતા. કેજરીવાલે દિલ્હીના આઠમા મુખ્યપ્રધાન તરીકે શપથ લીધા હતા. કેજરીવાલેધા હતા. કેજરીવાલન સાથે મનિષ સિસોદિયા અને અન્યોએ શપથ લીધા હતા. કેજરીવાલની સાથે છ પ્રધાનો મનિષ સિસોદિયા, સત્યેન્દ્ર જૈન, ગોપાલ રાય, આસીમ મોહમ્મદ ખાન, સંદીપકુમાર અને જીતેન્દ્રસિંહ તોમરે શપથ લીધા હતા. કેજરીવાલે ગયા વર્ષે ૧૪મી ફેબ્રુઆરીના દિવસે જ મુખ્યપ્રધાન તરીકે રાજીનામુ આપ્યું હતુ. આજે આ જ દિવસે તેમના શપથ લીધા હતા. કેજરીવાલે હિન્દીમાં શપથ લીધા હતા. દિલ્હીના લેફ્ટી ગવર્નર નજીબ જંગે તમામને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. કેજરીવાલે શપથવિધીમાં ભાગ લેવા તમામ લોકોને અપીલ કરી હતી જેથી મોટી સંખ્યામાં લોકો શપથવિધીમાં ભાગ લેવા માટે પહોંચ્યા હતા. રાષ્ટ્રીય પાટનગરમાં ૭૦ બેઠકો માટે યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ ૭૦ પૈકી ૬૭ બેઠકો જીતીને ભારતના ચૂંટણી ઈતિહાસમાં હજુ સુધીના શ્રેષ્ઠ દેખાવ પૈકીના એક દેખાવ કરીને લોકોને રોમાંચિત કરી દીધા હતા. ભાજપને માત્ર ત્રણ બેઠકો મળી હતી. કેજરીવાલે નવી દિલ્હી મતવિસ્તારમાં શાનદાર જીત મેળવી હતી. ભાજપના નુપુર શર્મા ઉપર ૩૧૫૮૩ મતે જીત મેળવી હતી. કેજરીવાલે છેલ્લી ચૂંટણીમાં ત્રણ વખતના દિલ્હીના મુખ્યમંત્રી શિલા દીક્ષિતને ૨૫૬૬૪ મતે હાર આપી હતી. અગાઉ મે મહિનામાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં પ્રચંડ બહુમતિ મોદીના નેતૃત્વમાં ભાજપે મેળવી હતી. ત્યારબાદ મહારાષ્ટ્ર, હરિયાણા, ઝારખંડમાં ભાજપે સરકાર બનાવી હતી. જમ્મુ કાશ્મીરમાં બીજી સૌથી મોટી પાર્ટી તરીકે ભાજપ ઉભરી આવી હતી.પરંતુ દિલ્હીમાં ભાજપની હાર થઇ છે.

એએપીની તરફેણમાં ૫૪ ટકા મત પડ્યા હતા.ભાજપને ૩૨.૪ ટકા અને કોંગ્રેસને ૯.૪ ટકા મત મળ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે દિલ્હીમાં વર્ષ ૨૦૧૩માં યોજાયેલી ચુંટણીમાં કોઈને પણ બહુમતી મળી નહતી. આ ચુંટણીમાં ભાજપ સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી હતી

અને તેને ૩૨ બેઠકો મળી હતી. જોકે, બહુમતીના આંકડાથી તે સહેજમાં પાછળ રહી હતી. સરકાર બનાવવામાં નિષ્ફળ રહી હતી. ૧૪મી ફેબ્રુઆરી ૨૦૧૪ના દિવસે ૪૯ દિવસ સુધી શાસન કર્યા બાદ કેજરીવાલે તેમના હોદ્દાથી રાજીનામું આપ્યું હતું. ત્યારબાદ દિલ્હીમાં આશરે ૧ વર્ષ સુધી રાષ્ટ્રપતિ શાસન રહ્યું હતું. ૪ નવેમ્બર ૨૦૧૪ના દિવસે નજીબ જંગે દિલ્હી વિધાનસભાને વિખેરી નાંખવા ભલામણ કરાઈ હતી.

પાંચ વર્ષમાં ભ્રષ્ટાચાર મુક્ત દિલ્હી : કેજરીવાલ

મુખ્યમંત્રી તરીકેના શપથ બાદ અરવિંદ કેજરીવાલની ખાતરી : દિલ્હીને પૂર્ણ રાજ્યનો દરજ્જો અપાવવા તમામ પ્રયાસ કરશે : કેન્દ્રના સહયોગ સાથે આગળ વધવાની ખાતરી : તોફાની તત્વો સામે પગલા લેવાનો આદેશ

નવી દિલ્હી,તા. ૧૪

રામલીલા મેદાન ખાતે દિલ્હીના આઠમાં મુખ્યમંત્રી તરીકે શપથ લીધા બાદ અરવિંદ કેજરીવાલે ઉપસ્થિત લોકોને સંબોધન કરતા કહ્યું હતું કે, દિલ્હીના વીઆઈપી કલ્ચરનો અંત લાવવાની તેઓ ઈચ્છા ધરાવે છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, પાંચ વર્ષના ગાળામાં દિલ્હીને પ્રથમ ભ્રષ્ટાચાર મુક્ત રાજ્ય બનાવવા માટે પણ તેવો કટિબદ્ધ છે. હાલમાં અન્ય કોઈ રાજ્યમાં ધ્યાન કેન્દ્રિત કરશે નહીં. ચૂંટણીની પણ કોઈ યોજના નથી. માત્ર દિલ્હી ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. તેમણે કહ્યું હતું કે, દિલ્હીના લોકોના વિકાસ માટે તેઓ કટિબદ્ધ છે. ૪૬ વર્ષીય કેજરીવાલે શપથ લીધા બાદ સંબોધન કર્યુંહતુંજેમાં ભ્રષ્ટાચાર સામે લડત ચલાવવાની વાત કરી હતી. દિલ્હીના લોકોને ખાતરી આપી હતી કે, તેમની સરકાર રાષ્ટ્રીય પાટનગર માટે સંપૂર્ણ રાજ્યના દરજ્જા માટે લડત ચલાવશે. અહંકાર ન રાખવા પક્ષના કાર્યકરોને અપીલ કરતા તેમણે કહ્યુંહતું કે, કોંગ્રેસ અને ભાજપની હાર માટે આ કારણો જ જવાબદાર છે. નવ મહિના અગાઉ લોકસભામાં સ્પષ્ટ બહુમતિ મેળવી લેનાર ભાજપની પણ હાર થઈ છે. દિલ્હીમાં વિધાનસભા ચૂંટણીના પરિણામને ચમત્કાર તરીકે ગણાવીને કહ્યું હતું કે, દિલ્હીના લોકો તેમને પસંદ કરે છે પરંતુ આટલી હદ સુધી પ્રેમ કરે છે તે બાબત તેમને પણ ખબર ન હતી. તેમણે એમ પણ કહ્યું હતું કે, દિલ્હીને ભ્રષ્ટાચારમુક્ત રાજ્ય બનાવવામાં આવશે. લોકપાલ બિલ ખુબ જ મહત્વપૂર્ણ છે. શક્ય તેટલી વહેલી તકે તેને પાસ કરવામાં આવશે. કેન્દ્ર સાથે ખુબ સારા સંબંધ જાળવીને આગળ વધવામાં આવશે. ભાજપે લોકસભાની ચૂંટણીમાં દિલ્હીની સંપૂર્ણ રાજ્યના દરજ્જાની વાત કરી હતી. તેઓ આના માટે તૈયાર છે. હવે જવાબદારી ભાજપની છે.

રોકાણકારો માટે લાલજાજમ : પ્રધાનમંત્રી

દેશમાં કુશળ લોકોનો યોગ્ય ઉપયોગ કરવા તૈયારી : દેશમાં યુવાનોને ઝડપી નોકરી મળે તેનો મુખ્ય હેતુ : મોદી સામાન્ય બજેટમાં વધુ સુધારા હાથ ધરવાની પણ ખાતરી

પુણે,તા. ૧૪

સામાન્ય બજેટ આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે વધુ સુધારાની ખાતરી આપી હતી અને કહ્યું હતું કે, રોકાણકારો માટે લાલજાજમ બિછાવવામાં આવશે. ખાસ કરીને બહુરાષ્ટ્રીય કંપનીઓને આમંત્રિત કરવામાં આવશે. દેશમાં કુશળ યુવાનોનો યોગ્ય ઉપયોગ થઈ શકે તે માટે પ્રયાસ કરાશે. તેમણે કહ્યું હતું કે, આર્થિક વિકાસમાં દરેક વ્યક્તિ આગળ આવે તે જરૂરી છે. અમારા યુવાનો માટે રોજગારીની વધુ તકો ઉભી થાય તે જરૂરી છે. કોર્પોરેટ જગતના પસંદગીના લોકો સાથે વાતચીત કરતા મોદીએ આ મુજબની વાત કરી હતી. મોદીએ અમેરિકન મહાકાય એન્જિનિયરિંગ કંપની જીઈ કોર્પોરેશન દ્વારા સ્થાપિત મલ્ટીમોડલ મેન્યુફેક્ચરિંગ ફેસિલિટીનું ઉદ્ઘાટન કર્યું હતું. દેશમાં રહેલા શિક્ષિત કુશળ યુવાનોનો ઉપયોગ કરવા રોકાણકારોને અપીલ કરતા મોદીએ કહ્યું હતું કે, અમારી પાસે સૌથી વધુ ભૌગોલિક આદર્શ સ્થિતિ રહેલી છે. અમારી ૬૫ ટકા વસ્તી ૩૫ ટકાથી નીચેની છે. અમારા કુશળ યુવાનો વિશ્વભરમાંથી મૂડીરોકાણને આકર્ષિત કરવાની ક્ષમતા ધરાવે છે. સ્કીલ પાવરની પ્રશંસા કરી હતી.

તેમણે એમ પણ કહ્યું હતું કે, ઘણા બધા ક્ષેત્રોમાં દેશ ઝડપથી આગળ વધવા માંગે છે. કાયદા, નીતિઓમાં રાહત આપવામાં આવી રહી છે. બિઝનેસ શરૂ કરવાની પ્રવૃત્તિ હળવી બને તે માટે અડચણો દૂર કરવામાં આવી છે. એનડીએ સરકાર ૨૮મી ફેબ્રુઆરીના દિવસે તેનું પ્રથમ બજેટ રજૂ કરશે. કેટલાક લોકોને અપેક્ષા છે કે, દિલ્હીમાં હાર બાદ સંપૂર્ણ સુધારાલક્ષી બજેટ રહેશે. વડાપ્રધાને કહ્યું હતું કે, ભારતીય અર્થતંત્ર વિશ્વમાં સૌથી ઝડપથી આગળ વધતું અર્થતંત્ર છે. જીડીપી ગ્રોથ રેટ ૭.૪ ટકા છે. મેન્યુફેક્ચરિંગ, કૃષિ, સર્વિસ સેક્ટરમાં શ્રેષ્ઠ દેખાવ કરવામાં આવશે. ભારતમાં મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં અભૂતપૂર્વ તકો રહેલી છે. અમેરિકી પ્રમુખ ઓબામા સાથેની તેમની વાતચીત અને સીઈઓની બેઠકનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, શીપ બિલ્ડિંગ ક્ષેત્રમાં પણ તક રહેલી છે. રેલવે સેક્ટરને વિકસિત કરવાના પણ પ્રયાસ થઈ રહ્યા છે. તેમની મહત્વકાંક્ષાનો ઉલ્લેખ કરતા મોદીએ કહ્યું હતું કે, દેશ મેન્યુફેક્ચરિંગ સેક્ટરને નવી ઉંચાઈ ઉપર લઈ જવા ઈચ્છુક છે. જે હાલમાં જીડીપીમાં ૧૬ ટકાનું યોગદાન આપે છે.

ભારત અને પાકિસ્તાન વચ્ચે આજે ખરાખરીનો વનડે જંગ

હાઈવોલ્ટેજ મેચ પર વિશ્વભરમાં કરોડો ક્રિકેટ ચાહકોની નજર : એડિલેડ ખાતે રમાનારી મેચની બધી ટિકિટો વેચાઇ ગઇ : હાઉસફુલનો શો રહેશે : ભારત પાકિસ્તાન ઉપર જીતના રેકોર્ડને જાળવી રાખવા માટે ઇચ્છુક

એડિલેડ,તા. ૧૪

વર્લ્ડ કપ ૨૦૧૫ની રોમાંચક શરૂઆત થઈ ચુકી છે. હવે વર્લ્ડ કપમાં જેની કરોડો ચાહકો રાહ જોઈ રહ્યા હતા તે હાઈવોલ્ટેજ અને હાઈ પ્રોફાઈલ ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ આવતીકાલે એડિલેડ ઓવલ ખાતે રમાનાર છે. મોટા ભાગના ક્રિકેટ ચાહકો માની રહ્યા છે કે આ મેચ વર્લ્ડ કપના ફાઈનલ મેચ જેવી મેચ રહેશે. વર્લ્ડ કપની સૌથી મોટી મેચ તરીકે પણ આને જોવામાં આવે છે. આ મેચની તમામ તૈયારી કરી લેવામાં આવી છે.



ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ હમેંશા હાઈવોલ્ટેજ અને પ્રેશરવાળી મેચ રહે છે. એડિલેડ ખાતે આ મેચની તમામ ટિકિટ પહેલાથી જ વેચાઈ ચુકી છે. સૌથી રસપ્રદ બાબત એ છે કે વર્લ્ડ કપમાં હજુ સુધી પાકિસ્તાન ભારત સામે ક્યારેય જીતી શક્યુ નથી. જેથી ધોનીના નેતૃત્વમાં ભારતીય ટીમ આ રેકોર્ડને જાળવી શકશે કે કેમ તે બાબત મહત્વપૂર્ણ રહેશે. બીજી બાજુ પાકિસ્તાન આ રેકોર્ડને તોડીને ભારત સામે વર્લ્ડ કપમાં તેની પ્રથમ મેચ જીતવાના મક્કમ ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે. બન્ને ટીમો એકબીજાને પછાડી દેવા રણનિતી તૈયાર કરી ચુકી છે. ભારત તરફથી રોહિત શર્મા, વિરાટ કોહલી, શિખર ધવન, મહેન્દ્રસિંહ ધોની , રહાણે અને સુરેશ રેના પર તમામની નજર રહેશે. બન્ને ટીમો વર્લ્ડ કપની પોતાની પ્રથમ મેચ જીતીને શાનદાર શરૂઆત કરવા ઈચ્છુક છે. વિશ્વના એક અબજ કરતા પણ વધુ ચાહકો વર્લ્ડ કપની મેચનિહાળનાર છે. ૨૦૦થી વધારે દેશોમાં રહેતા ક્રિકેટ ચાહકો ઉત્સુકતાપૂર્વક વર્લ્ડ કપની રહ જોઈ રહ્યા છે. ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં બીજી વખત વર્લ્ડ કપનુ આયોજન કરવામાં આવ્યું છે. અગાઉ વર્ષ ૧૯૯૨માં આનુ આયોજન કરવામાં આવ્યું હતુ. વર્તમાન ચેમ્પિયન ભારત કપને જાળવી રાખવા માટે સજ્જ છે. ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં ૨૩ વર્ષ બાદ વર્લ્ડ કપનુ આયોજન કરવામાં આવ્યું છે. આ વખતે ભારત અને પાકિસ્તાન વચ્ચે આવતીકાલે પુલ બીમાં રમાનાર મેચ દરમિયાન અમિતાભ બચ્ચન પણ કોમેન્ટરી કરનાર છે.

બોલિવુડના સૌથી લોકપ્રિય સ્ટાર અમિતાભ બચ્ચને કોમેન્ટરીમાં વધારે મસાલો ઉમેરશે. ભારત અને પાકિસ્તાન વચ્ચે રમાનારી મેચનુ જીવંત પ્રસારણ સવારે નવ વાગ્યાથી દુરદર્સન અને સ્ટાર સ્પોર્ટસ પર કરવામાં આવનાર છે. વર્લ્ડ કપની મેચો ૨૯મી માર્ચ સુધી ચાલશે. તમામ મેચો ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડના મેદાનમાં રમાશે.રાઉન્ડ રોબિન અને નોકઆઉટ ફોર્મેટના આધારે મેચો રમાનાર છે. ૧૪ ટીમોની સાથે સાથે ૪૦૦ એક્રીડેટેડ ખેલાડી અને અધિકારીઓ આમાં ભાગ લઈ રહ્યા છે.

શાહરૂખના મન્નતની બહાર રેમ્પને અંતે ધ્વંસ કરી દેવાયું : વહેલી સવારથી કાર્યવાહી કરાતા ચકચાર

મુંબઈ,તા. ૧૪

દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈમાં આજે સવારે સાત વાગે બીએમસીના અધિકારીઓ અને પોલીસની ટુકડી ફિલ્મ સ્ટાર શાહરુખખાનના આવાસ મન્નત નજીક પહોંચી હતી અને એક જેસીબી અને અન્ય મશીનરી સાથે રેમ્પને તોડી પાડવાની કવાયત હાથ ધરવામાં આવી હતી. પશ્ચિમ બાંદ્રા ખાતે સ્થિત શાહરુખ ખાનના આવાસ મન્નત નજીક તોડફોડની કામગીરીને લઈને ભારે ચર્ચા છેડાઈ ગઈ હતી. સહાયક મ્યુનિસિપલ કમિશનર વિજય કામ્બલેએ કહ્યું હતું કે, ચોક્કસપણે અતિક્રમણ દૂર કરવાની કામગીરી હાથ ધરાઈ છે. સ્થાનિક લોકોએ કહ્યું હતું કે, રેમ્પની બનાવટ ગેરકાયદે હતી.

આનાથી તકલીફો ઉભી થઈ રહી હતી. બીએમસીને કેટલાક પત્રો પણ લખવામાં આવ્યા હતા. આને તોડી પાડવાની માંગ કરવામાં આવી હતી. તાજેતરમાં જ સાંસદ પૂનમ મહાજને પણ બીએમસીના વડાને આ અંગે પત્ર લખીને રજૂઆત કરી હતી. આજે સવારે ડિમોલિશન કામગીરી હાથ ધરવામાં આવી હતી. સમગ્ર વિસ્તારમાં બેરીકેડ મુકી દેવામાં આવ્યા હતા. લાંબા સમયથી પેન્ડિંગ રહેલી આ કામગીરીને જોવા માટે સ્થાનિક લોકો ભેગા થયા હતા. ગુરુવારના દિવસે બીએમસી દ્વારા શાહરુખ ખાનને સાત દિવસની નોટિસ આપવામાં આવી હતી. રેમ્પ તોડી પાડવા બીએમસી દ્વારા આ નોટિસ આપવામાં આવી હતી.

રઝળપાટ

● અનુસંધાન બીજાનું ચાલુ

વેધક. પોતાની શાયરીઓના પોતે જ આલોચક. અનેકો શેર લખીને સંતોષ નાં થતા એમણે જ મિટાવી દીશેલા. ચોક્ક્સ્તાના સમ્પૂર્ણ આગ્રહી એટલે જ તો એમનું સંકલન" દિવાન-એ-ગાલીબ"માં બાળપણથી છેક વૃદ્ધાવસ્થા સુધી લખેલા અનેકો શેરમાંથી બહુ થોડાને સ્થાન આપેલું છે. આજ સંકલન તૈયાર કરતી વખતે એમણે ખુદના બે હાજર જેવા શેર તો એમ જ રદબાતલ કરી દીધેલા એટલે તો ઓછા શેર છતાં આ સંગ્રહ શાયરીની દ્રષ્ટીએ નાયબ અને શિરમોર છે. આવો થોડું આચમન કરીએ.

નીકલના ખુલ્દ સે આદમ ક સુનતે આયે થે લેકિન, બહુત બેઆબરૂ હોકર તેરે કુચે સે હમ નિકલે....મત પૂછ કી ક્યા હાલ હૈ મેરા તેરે પીછે, તુ દેખ કી ક્યાં રંગ હૈ તેરા મેરે આગે... જી ઢુંઢતા હૈ ફિર વહી ફુરસત કે રાત દિન બેઠે રહે તસવ્વુર મેં જાનાં કિયે હુએં...

દિલે નાદા તુઝે હુઆ કયા હૈ આખરી ઈસ દર્દ કી દવા કયા હૈ....હમકો ઉનસે હૈ વફા કી ઉમ્મીદ જો નહિ જાનતે વફા કયા હૈ ....ઉમ્ર ભર ગાલીબ યહી ભૂલ કરતા રહા ધૂલ ચહેરે પર થી, ઔર આયના સાફ કરતા રહોં...ગયા રાગ આયે ના આયે હેજાજ કી બયાર આયે ના આયે.....ઈસ ફકીર કે દિન પૂરે હુએ દુસરા દીદાવર આયે ના આયેં....આહ કો ચાહિયે એક ઉમ્ર, અસર હોને તક, કૌન જીતા હૈ તેરી, જુલ્ફ કે સર હોને તક.... ઉનકે દેખે સે, જો આ જાતી હૈ મુંહ પર રૌનક, વો સમજતે હૈ કિ બીમાર કા હાલ અચ્છા હૈ... ને ગાલિબ નિકમ્મા કર દિયા,

વર્ના હમ ભી આદમી થે કામ કે...રગોમેં દૌડતે ફિરનેકે હમ નહી કાયલ જબ આંખ હી સે ના ટપકા તો ફિર લહુ ક્યા હૈ?...હુએ મરકે હમ જો રુસવા, હુએ ક્યું ના ગરકે દરિયા ન કભી જનાજા ઠતા, ન કહી મજાર હોતા

એક જીંદગીમાં આ માણસ કેટલું બધું જીવી ગયો, અનુભવી ગયો. સતત સંજાર્ષ એના જીવનની શાન હતી તો પણ એ પલાયનવાદી ક્યારેય નાં થયા. હમેશા દરેક પરીશ્થીતીને સ્વીકારતા રઝા ને સાથે સાથે મુશ્કિલ થી મુશ્કિલ સ્થિતિ પર પણ હસતા રઝા. ગાલીબના વિનોદી સ્વભાવે પણ આમાં ભાગ ભજવ્યો. ગમે એવી મુફ્લીસીમાં પણ શાનથી જીવ્યો હા જિંદગીભર એનું પોતાનું મકાન ના બનાવી શક્યો પણ જયાં પણ રઝ્ઝો હમેશા શાનથી, નોકર ચાકરો સાથે રઝ્ઝો ગાલીબના કલામ આજે પણ આંખ ઉજાડનારા અને અત્યારના સમયમાં પ્રસ્તુત છે. એમનું દર્શન અને આમ આદમીના ભાવો થી ભરપુર ગઝલો આજેય એટલી જ હોશથી વંચાય છે.૭૧ વર્ષ કટકે કટકે અને ડગલે ને પગલે મરનાર આ શહેનશાહ-એ-શાયરી એ એકદમ તંગહાલ અને બીમારી સાથે ૧૫મી ફેબ્રુઆરી ૧૮૬૯ ના દિવસે તજુર્બાના આ માલિકે આખો મીચી દીધી ત્યારે કદાચ છેલ્લે મનમાં આ જ ગણગણ્યા હશે... રહીએ અબ ઐસી જગહ ચલકર જહાં કોઈ નાં હો...!!!

વિસામો -

હોગા કોઈ ઐસા ભી જો ગાલીબ કો નાં જાને, શાયર તો વો અચ્છા હૈ પર બદનામ બહોત હૈ

ઈંગ્લેન્ડ પર ઓસ્ટ્રેલિયાનો ૧૧૧ રને શાનદાર વિજય

વર્લ્ડકપ ૨૦૧૫ની પ્રથમ સદી ફટકારવાનો રિકોર્ડ કર્યો

મેલબોર્ન, તા. ૧૪

મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ ઉપર રમાયેલી વર્લ્ડકપ ૨૦૧૫ની ગ્રુપ એની બીજી મેચમાં ઓસ્ટ્રેલિયાએ ઈંગ્લેન્ડ ઉપર ૧૧૧ રને શાનદાર જીત મેળવી હતી. પ્રથમ દિવસે બંને યજમાન ટીમોએ પોતપોતાની મેચ જીતીને શાનદાર શરૂઆત કરી હતી. ઓસ્ટ્રેલિયાએ પ્રથમ બેટિંગ કરતા ફિન્ચના ૧૩૫ રનની મદદથી નવ વિકેટે ૩૪૨ રન બનાવ્યા હતા જેના જવાબમાં ઈંગ્લેન્ડની ટીમ માત્ર ૨૩૧ રન કરી શકી હતી. ઓસ્ટ્રેલિયા તરફથી માર્શે તરખાટ મચાવી ૩૩ રન આપી પાંચ વિકેટ ઝડપી હતી. જો કે, મેન ઓફ દ મેચ તરીકે ફિન્ચની પસંદગી કરવામાં આવી હતી. ફિન્ચે ૧૨૮ બોલમાં ૧૨ ચોગ્ગા અને ત્રણ છગ્ગાની મદદથી ૧૩૫ રન કર્યા હતા. વર્લ્ડકપ ૨૦૧૫ની પ્રથમ સદી ફટકારવાનું કામ ફિન્ચે કર્યું હતું. ફિન્ચ શરૂઆતથી જ આક્રમક મૂડમાં રહ્યો હતો. જો કે, ડેવિડ વોર્નર લાંબી ઈનિંગ્સ રમી શક્યો ન હતો. બંને ટીમોએ એક બીજા ઉપર દબાણ લાવવાના પ્રયાસ કર્યા હતા પરંતુ ઓસ્ટ્રેલિયાને વધારે સફળતા મળી હતી. આ જીત સાથે ઓસ્ટ્રેલિયાએ બે પોઈન્ટ લીધા હતા. ઈંગ્લેન્ડે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય કર્યો હતો જે તેને ભારે પડ્યો હતો. અગાઉ સવારે વર્લ્ડ કપ ક્રિકેટ-૨૦૧૫ની પ્રથમ મેચમાં આજે યજમાન ન્યુઝીલેન્ડે શ્રીલંકા પર ૯૮ રને જીત મેળવીને શાનદાર શરૂઆત કરી હતી. પ્રથમ બેટિંગ કરતા ન્યુઝીલેન્ડે નિર્ધારિત ૫૦ ઓવરમાં છ વિકેટે ૩૩૧ રન કર્યા હતા. જેના જવાબમાં ૩૩૨ રનના લક્ષ્યાંક સામે શ્રીલંકાની ટીમ ૪૬.૧ ઓવરમાં ૨૩૩ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. આની સાથે જ ન્યુઝીલેન્ડે શાનદાર શરૂઆત કરી છે. ન્યુઝીલેન્ડે સાબિતી પણ આપી દીધી છે કે આ વખતે તે સૌથી હોટફેવરીટ ટીમ પૈકીની એક ટીમ છે. પ્રથમ બેટિંગ કરતા ન્યુઝીલેન્ડ તરફથી ગુપ્ટિલ અને મેક્લુલમે શાનદાર શરૂઆત કરી હતી. આ બન્ને ખેલાડીએ ક્રમશે ૪૯ અને ૬૫ રન કર્યા હતા. વિલિયમસને પણ શાનદાર ફોર્મ જાળવી રાખીને ૫૭ રન કર્યા હતા. હવે આવતીકાલે પણ બીજી મેચ મેચો રમાનાર છે.

બજેટમાં મહિલાઓને વધારે ટેક્સમાં રાહત મળવાની વકી

હાલમાં પુરુષો અને મહિલાઓ માટે આવકવેરા મુક્તિની મર્યાદા અઢી લાખ સુધીની છે : મુક્તિમાં વધારો થઈ શકે

નવી દિલ્હી,તા. ૧૪

કેન્દ્રિય નાણાંપ્રધાન અરૂણ જેટલી ૧૪મી ફેબ્રુઆરીના દિવસે સામાન્ય બજેટ રજૂ કરનાર છે. બજેટમાં જેટલી આવકવેરા મુક્તિ મર્યાદામાં વધારો કરી પગારદાર વર્ગને રાહત આપી શકે છે. આવકવેરા મુક્તિ મર્યાદા કેટલી કરાશે તેને લઈને સામાન્ય લોકોમાં ભારે ચર્ચા છે. કેન્દ્રીય બજેટ આડે ગણતરીના દિવસો રહી ગયા છે ત્યારે તમામ લોકોની નજર વધુ ટેક્સ રાહતો ઉપર કેન્દ્રીત થઈ ગઈ છે. મહિલાઓને વધુ ટેક્સ રાહત અપાશે કે કેમ તેને લઈને પણ ચર્ચા છે. કેન્દ્રીય નાણાંમંત્રી જેટલી ૨૮મી ફેબ્રુઆરીના દિવસે બજેટ રજૂ કરતી વેળા આવકવેરા મુક્તિ મર્યાદામાં વધુ રાહત આપી શકે છે. આવકવેરા મુક્તિ મર્યાદામાં સતત વધારો ક્રમશ થતો રહ્યો છે. વર્ષ ૨૦૦૦-૦૧માં આવકવેરા મુક્તિ મર્યાદા પુરુષો માટે અને મહિલાઓ માટે ૫૦-૫૦,૦૦૦ હતી જે હવે પુરુષ માટે અને મહિલાઓ માટે અઢી લાખ રૂપિયા સુધી થઈ ગઈ છે. વ ૨૦૦૦-૦૧ માં ઊંચી ટેક્સ મુક્તિની શરૂઆત થઈ હતી. ઊંચી ટેક્સ મુક્તિ મર્યાદાના કારણે મહિલાઓની બચત પણ સતત વધી છે. જો કે ટેક્સ નિષ્ણાંતોનું કહેવું છે કે આ પસંદગીની બાબત મહિલાઓને પ્રોત્સાહન આપશે. આમા વધુ સુધારા પણ શક્ય રહેલા છે. નવા બજેટમાં આવકવેરા મુક્તિ મર્યાદાને વધારવાની મોટાભાગની ગણતરી થઈ રહી છે. વર્ષ ૨૦૧૧-૧૨માં પુરુષો માટે આવકવેરા મુક્તિ મર્યાદા ૧.૮ લાખ અને મહિલાઓ માટે ૧.૯૦ લાખ રૂપિયા હતી જ્યારે મહિલાઓની ટેક્સ બચત ૧૦૩૦ જેટલી હતી.પુરૂષો અને મહિલાઓ બન્ને તેમજ સિનિયર સિટીજન્સને પણ બજેટમાં આવકવેરા મુક્તિ મર્યાદામાં વધારો કરી વધુ પ્રોત્સાહન આપી શકાય છે.

શારદા કાંડમાં ટીએમસી સાંસદની પુછપરછ

કોલકાતા, તા. ૧૪

શારદા કૌભાંડના સંદર્ભમાં સીબીઆઈ દ્વારા ધરપકડ કરવામાં આવેલા તૃણમુલ કોંગ્રેસના સાંસદ શ્રીન્જોય બોઝની ફરી પુછપરછ કરવામાં આવી હતી. હાલમાં તેઓ જામીન ઉપર છે. સીબીઆઈની ટુકડી દ્વારા આજે પુછપરછ કરવામાં આવી હતી. આશરે ત્રણ કલાક સુધી પુછપરછ ચાલી હતી. તેમને જામીન મળી ગયા બાદ સીબીઆઈની ઓફિસમાં તેઓ પહોંચ્યા હતા.